# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૬૮ • તા.૨૯ જુલાઈ થી ૦૪ ઓગસ્ટ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# વરાડીયા તીર્થે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયના
# ૧૨૧ માં ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે
# નવ નિર્મિત નૂતન ઉપાશ્રયનું ઉદઘાટન



**૧૨૧ માં ધ્વજારોહણ તથા અઢાર અભિષેકના મુખ્ય લાભાર્થી પરીવાર**

મા.ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા
સમસ્ત પરીવાર, વરાડીયા

**શ્રી સિધ્ધ ચક્ર મહાપુજનના લાભાર્થી પરીવાર**

સુશ્રાવિકા મધુબેન લહેરચંદ રતનશી
ડાઘા પરીવાર, ભાંડુપ-વરાડીયા



**ઉપાશ્રય નવ નિર્માણના સૌજન્ય દાતાશ્રીઓ**

સ્વ.મા.મીનાબેન કલ્યાણજી વેલજી મોમાયા પરીવાર, આદિપુર
સ્વ.સૌ.ભાનુમતિબેન કરમચંદ આણંદજી વિકમશી પરીવાર, હુબલી
સુશ્રાવિકા મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરીવાર, ભાંડુપ

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પુસ્તક આપણા સાચા મિત્ર

જીવનમાં જેટલી ગરજ એક સાચા અને સારા મિત્રની હોય છે. એટલીજ જરૂરત સારા અને સાચા, સ્પષ્ટ અને વિચાર અભિવ્યક્તિની ખીલવણી કરતાં શબ્દોના સાથની જરૂરી હોય છે. વાણી દ્વારા આપણા મનના વિચારો પ્રગટ થાય છે, પ્રસાર થાય છે. આ વાચા દ્વારા બોલાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ પુસ્તકારે સંગ્રહિત થાય છે. આ શબ્દોના સંકલન થયેલ પુસ્તકો વર્તમાન અને ભવિષ્યકાળમાં ઝળહળતી મશાલ જેમ અનેકોના જીવનનું માર્ગદર્શન કરે છે.

કોઈપણ ભાષામાં બોલાયેલ શબ્દો આખરે આપણા મનમાં ચાલતા વિચારોનું પૂર જેવાં, કે લાગણીઓના બાંધેલા પોટલાં જેવા અથવા આપણી વેદના, સંવેદના અને આશા કે ઉમ્મીદોના ખજાના જેવા હોય છે. મનમાં મહેરામણમાં સર્જાતા શબ્દોના મોજાં જો વાચા દ્વારા કિનારો પામે તો ઠીક છે. નહીં તો અંતરના ઊંડાણમાં ઘરબાઈ કાળ મીંઢ સમય કાળમાં દફનાઈ મરે છે.

વીતી ગયેલા વખતકાળમાં માત્ર પુસ્તકો જ શબ્દોની જાળવણીનું માધ્યમ હતા. તે અગાઉ વિશિષ્ટ પ્રકારના ઝાડનાં પતા-પાંદડા ઉપર અક્ષરો લખાઈ તેનું સંકલન થ તું. હવે તો પુસ્તકોની સાથે મોર્ડન ટેકનોલોજીના લીધે વિવિધ સ્વરૂપે અક્ષરો શાશ્વત સ્વરૂપે સચવાય છે. ટેકનોલોજી આજે આશીર્વાદ રૂપે છે અને અભિશાપ રૂપે પણ તેનો પરચો દાખવે છે. પહેલાં ટેકનોલોજીના ઉપયોગના પ્રતાપે સમયની બચત થ તી હતી હવે આજ ટેકનોલોજી સૌના સમયના બરબાદીનું કારણ પણ બની રહી છે.

દરેક લાગણી કંઈ શબ્દો દ્વારા લખી અભિવ્યક્ત નથી થઈ શકતી, ક્યારેક એ ગીતો દ્વારા, હસ્તકલા, રંગો કે અંગોના હાવભાવ દ્વારા પણ. ટોળેના ટોળા હોય તેં છતાં જેને કંઈ સંદેશા કહેવો છે તેને જ માત્ર એકલાને એ દ્વારા પહોંચાડી શકાય છે.

પુસ્તકોએ શબ્દોની મંજૂષા, અક્ષરોનો અખૂટ પટારો છે. જેને કાળનો ક્રમ પણ મટાવી શકતો નથી. પુસ્તકોને જ્ઞાનના ભંડાર કહેવાયા છે. સુખ દુઃખના સાચા સાથી ગણાયા છે. મન જ્યારે વિચલિત થયેલ હોય, મગજ ડામાડોળ હોય, વિચારોની નાવડી વમળના ઘેરામાં હાલક ડોલક થઈ રહી હોય ત્યારે આપણી વેદના સાંભળી શકે, સમજી શકે અને સલાહ માર્ગદર્શન આપી શકે એવા મિત્રની જરૂરત હોય છે. પણ જો મિત્ર સમીપન હોય એ સમયે કોઈ મનગમતું પુસ્તક જો આંખ સમક્ષ હોય તો તેનું વાંચન તેનું સાંનિધ્ય પામી મન-મગજને સધિયારો પ્રાપ્ત થાય છે. શબ્દોના જ્ઞાન પ્રકાશથી અવ્યક્ત શાંતિ થાય છે. અક્ષરોના સમીકરણથી જાણે નવો રાહ મળે છે, નવી દિશા મળે છે.

પુસ્તકોને પ્રેરણાની પરબ કહેવાય છે. જે તરસને મટાડે અસમંજસ અવસ્થાને શાંતિ આપે. જ્ઞાન-વિજ્ઞાન વેદ-ધર્મ, સત્ય આચાર-વિચારના અખૂટ ખજાના જે ખોબલા ખોબલા ભેર વેરે છે એવા પરમ મિત્ર પુસ્તકો સૌને માટે રહનુમા માર્ગદર્શક અને મંઝિલભણી પહોંચાડતા મિત્ર જેવા છે. મિત્રની મદદ પામવા હાકલ કરવી પડે છે. જ્યારે પુસ્તક નામનો મિત્ર આપણી સમીપ આપણા હાથ વેંતમાં જ રહે છે. એટલે જ પુસ્તકોને Friends For Ever કહેવાયા છે.

– જય જ્ઞાતિમૈયા

# ઈશ્વર સાથે એકરૂપતા સાધે છે પ્રાર્થના

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પ્રાર્થના એ આત્મા અને પરમાત્મા વચ્ચેનો અદ્રશ્ય સેતુ છે. જેના પર સાધક યોગ યાત્રી કેડી કંડારીને ચાલી શકે છે. પ્રાર્થનામાં ખૂબજ તાકાત છે. તે વ્યક્તિને બર્હિમુખમાંથી અંતર્મુખ બનાવે છે. ક્રમે ક્રમે તેની અભિવ્યક્તિ આંતરિક બનતાને નિજ સ્વરૂપ સુધી આત્માને સાચી ઓળખ કરાવી આપે છે. તેમ જ હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? શા માટે આવ્યો છું? એ પ્રત્યેક સવાલોના જવાબો મેળવી શકે છે. એના ગુઢાર્થ ઓળખી-જાણી શકે છે.

પ્રાર્થના શબ્દનો સીધો-સાદો-સરળ અર્થ છે કે પોતાના જ્ઞાન કે સમજ દ્વારા જે સર્વોપરી વસ્તુ કે વ્યક્તિમાં આનંદ પ્રગટ કરીને તેમને પામવાની તીવ્ર ઈચ્છા. જેના વ્યક્તિ વિશેષમાં સર્વોત્તમ જ્ઞાન પોતાના જીવનમાં પ્રગટ થઈ જાય તે આંકાક્ષાને માનસિક કે વાચા દ્વારા અભિવ્યક્ત કરવાની તીવ્ર ઈચ્છાને પ્રાર્થના કહેવાય છે. પ્રાર્થનાના શબ્દો અલગ કે અનેક હોઈ શકે તે યાચકની તેની તન્મયતા અને લાગણી ઉપર નિર્ભર કરે છે. મનુષ્ય માત્રના જીવનનું અંતિમ ધ્યેય પરમાત્માની નજીક જવા માટેનો અથાગ પ્રયત્ન તેમના જીવનમાં રહેલા છે. જે વિવિધ માર્ગો દ્વારા તેમની પસંદગી કે રૂચિ મુજબ હોઈ શકે છે. તેમાંનો એક માર્ગ છે પ્રાર્થના.

પ્રાર્થનાના મુખ્ય ચાર લક્ષણ છે એક તો પ્રાર્થનામાં દીનતા હોવી જોઈએ. પ્રભુના પરમાનંદ સ્વરૂપને પ્રગટ કરવામાં કે તેને જોવામાં આપણને આપણું અભિમાન જેવા પરિબળો અવરોધરૂપ બને છે. પરંતુ જો પ્રાર્થનામાં દીનતા અને ગરીબાઈ હશે તો ક્રમેક્રમે આપણો અહમ ઘટતો જશે અને આપણે પ્રભુની સમીપ થતાં જઈશું. પ્રાર્થનામાં દીનતા, નમ્રતા હોવી જોઈએ કે પ્રભુ હું કાંઈ જ નથી. સર્વસ્વ આપ છો આપના વિના નાનું ને હળવું પાંદડું પણ હાલતું નથી. આ કરૂણા ભાવે પરમાત્માને રીઝવી શકાય છે. માટે ભક્તિ કરવી હોય તો રાંક થઈને કરવી.

બીજું જેમની આપણે પ્રાર્થના કરી રહ્યાં છીએ તેમના સ્વરૂપનો, તેમના સદ્‌ગુણોનો તેમની દયાળુતાનો આપણને દ્રઢ વિશ્વાસ હોવો જોઈએ. તેઓ સર્વમ, સર્વજ્ઞને સર્વસ્વ છે. એ પૂર્ણ શ્રધ્ધાથી સ્વીકારવાના હોય છે. તો જે આપણને એના વિરાટ અને વિરલ સ્વરૂપની ઝાંખી થાય છે.

ત્રીજું પ્રાર્થના કરતાં કરતાં આપણે સ્વને ભૂલીને સર્વભાવ એટલે કે ઈશ્વર ભાવમાં જોડાઈ જવું જોઈએ. જેથી મન મૂક બની જાય. કંઈપણ બોલી ન શકાય એવી સ્થિતિમાં પહોંચી જઈએ. એ પ્રાર્થનાનું ત્રીજું સોપાન.

ચોથું પ્રાર્થના કરતાં કરતાં તન્મયતા આવે છે. એકરૂપ થઈ જવાય જેથી કોઈ વાસના ન રહે. કોઈ વિચાર, કોઈ વિકાર ન પ્રગટે. તન્મયતા એ એક રાગ થવાની છેલ્લે સ્થિતિ છે. જેથી મન નિંવિકલ્પ ચોખ્ખું બને છે. ધ્યાનમાં એકાગ્રતા આવે છે. મનને શાંતિ અને એ પછી સાચો આનંદ પ્રાપ્ત થાય છે.

આમ સાચા હૃદયભાવથી કરેલ પ્રાર્થના એ શાશ્વત સાધના છે. જે કોઈ સાધક સાચા હૃદયથી પરમાત્માને સ્મરે, પ્રાર્થના કરે તો ભગવાન પ્રગટ થાય છે કે મનોવાંચ્છિત કામના પૂર્ણ કરે છે. પ્રાર્થના કોઈ વિધિ, વિધાન, સાધન સામગ્રી કે કોઈ ક્રિયા વિના ખૂબજ સાદી અને સરળ પધ્ધતિની માનસિક ક્રિયા છે જે દરેક કોઈ સરળતાથી કરી શકે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩







૧૨૦ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થ જ્યાં દેવ વિમાન તુલ્ય **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદા**નું જિનાલય શોભી રહ્યું છે એવા તીર્થમાં નવ નિર્મિત ઉપાશ્રયના ઉદઘાટન સહિત ૧૨૧મા ધ્વજારોહણ મહોત્સવ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ પ્ર. શ્રાવણ સુદ ત્રીજથી પાંચમ, તા. ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩ના રૂડી રીતે ઉજવાયો જેમાં પ.પૂ. ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્ર સાગરજી મ.સા.ના કોઠારા તીર્થે ચાતુર્માસ અર્થે બિરાજમાન શિષ્યો **પ્રવર્તક શ્રી મલયસાગરશ્રીજી મ.સા. તથા મુનિરાજ શ્રી રત્નાકર સાગરશ્રીજી મ.સા.** એવમ ડુમરા તીર્થે ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વી શ્રી જયોતિકલાશ્રીજી મ.સા.ના શિષ્યાઓ **પ.પૂ.સાધ્વીશ્રી પ્રસન્નચંદ્રાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વી શ્રી ત્રૈલોક્યચંદ્રાશ્રીજી મ.સા.**ની પાવન નિશ્રા સાથે ચતુર્વિધ સંઘની હાજરી રહેલ. વિધિ વિધાન વિધિકાર **શ્રી કેવલભાઈ સાવલા** એ કરાવેલ તથા ગીત-સંગીત **શ્રી કિશોરભાઈ સંઘાર** અને સાથીદારો એ રજૂ કરેલ.

### તા. ૧૯.૦૭.૨૦૨૩ ના ધર્મમય વાતાવરણ નવકાર જાપ

ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવના એક દિવસ અગાઉ તા.૧૯.૦૭.૨૦૨૩ ના ધર્મમય વાતાવરણ સર્જાયું હતું.

શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબની તૃતિય સ્વર્ગારોહણ સપ્તાહની ઉજવણી રૂપે વરાડીયામાં શ્રી પંચ પરમેષ્ઠી મંડળના મલાડથી પધારેલ ૬ આરાધક બહેનો ધ્વારા શ્રી નવકાર જાપનું આયોજન સવારે ૭.૦૦ ક. થી ૮.૩૦ ક. સુધી થયેલ જેમાં ડુમરાથી પધારેલ પૂ.સાધ્વી શ્રી પ્રસન્નચંદ્રાશ્રીજી તથા પૂ.સાધ્વી શ્રી ત્રૈલોક્યચંદ્રાશ્રીજી મ.સા.ની નિશ્રા પ્રાપ્ત થયેલ.

### શ્રી નમિનાથ પ્રભુજીનું નગર પ્રવેશ

સુશ્રાવિકા મધુબેન લહેરચંદ રતનશી ડાઘાના ભાંડુપ નિવાસ સ્થાને ગૃહ જિનાલયમાં બિરાજમાન શ્રી નમિનાથ પ્રભુજીને શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજનની સંમંતિથી હંમેશ માટે વરાડીયા જિનાલયમાં પધરાવવાના આશયથી મહોત્સવના આગલા દિવસે તા.૧૯.૦૭.૨૦૨૩ના જિન પ્રતિમાનુ વરાડીયામાં એમના નિવાસ સ્થાને પ્રવેશ વખતે સ્થાનિકો તથા બહારગામથી પધારેલ ભાવિકો ધ્વારા સામૈયું કરી ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. પ.પૂ.સાધ્વીશ્રી પ્રસન્નચંદ્રાશ્રીજી મહારાજ સાહેબે માંગલિક સંભળાવેલ. સાંજે ભક્તિ ભાવના પણ કરવામાં આવેલ.

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

**ત્રિહાનિકા મહોત્સવ : પ્રથમ દિવસ તા. ૨૦.૦૭.૨૦૨૩**

(૧) સવારના શ્રી નમિનાથ પ્રભુજી ના પ્રવેશ નિમિત્તે વિવિધ સ્થાપના તથા પાટલા પુજન થયેલ.

(૨) બહારગામથી પધારેલ ભાવિકો સવારે ૯.૦૦ ક. વરાડીયા પધાર્યા ત્યારે ઢોલ શરણાઈ ના તાલે એમનું સ્વાગત કરવામાં આવેલ તથા મહોત્સવ ના મુખ્ય લાભાર્થી પરીવાર તથા ઉપસ્થિત નુતન ઉપાશ્રય સૌજન્ય દાતાઓના પ્રતિનિધિઓનું તિલક-હારથી અભિવાદન કરવામાં આવેલ.

(૩) નવ નિર્મિત ઉપાશ્રયના ત્રણ ગેટ, મુખ્ય ઉપાશ્રય, સ્વાધ્યાય કક્ષ તથા ગોચરી કક્ષનું ત્રણે દાતા પરીવારજનોના કર કમલે ચતુર્વિધ સંઘની હાજરીમાં ઉદઘાટન થયેલ.

(૪) પુ. મહારાજ સાહેબ તથા વિધિકારના મંત્રોચ્ચાર તથા સંગીત મંડળી દ્વારા કર્ણ પ્રિય સ્તવનોની સુરાવલી સાથે શ્રી પ્રભુજીના અઢાર અભિષેક થયેલ.

**બીજો દિવસ : તા. ૨૧ જુલાઈ ૨૦૨૩**

(૧) મા. મધુબેન લહેરચંદ રતનશી ડાઘાના ગૃહેથી સવારના ૭.૩૦ ક. વાજતે ગાજતે સાધુ-સાધ્વી મ.સા.ની પાવન નિશ્રામાં સકળ સંઘ સાથે શ્રી નમિનાથ દાદાનું જિનાલયમાં વિધિવત પ્રવેશ થયેલ.

(૨) સવારના ૯.૩૦ ક. આરાધના ભવનમાં પ.પૂ.પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા. તથા મુનિરાજ શ્રી રત્નાકર સાગરજી મ.સાહેબે મહોત્સવને અનુરૂપ વ્યાખ્યાન આપેલ. માંગલિક પહેલા શ્રી શાંતિ કલ્યાણ નિધિ ફંડના દાતાશ્રીઓનું સન્માન આરાધના ભવનમાં થયેલ.

(૩) સં. ૨૦૭૩ માં જિનાલય જિર્ણોદ્ધાર તથા સંકુલ નવ નિર્માણ નિમિત્તે ઉજવાયેલ ત્રિહાનિકા મહોત્સવમાં જાહેર કરવામાં આવેલ શ્રી સર્વ સાધારણ શાંતિ કલ્યાણ નિધિ ફંડમાં અત્યાર સુધી લાભ લેનાર ૨૪ સૌજન્ય દાતાશ્રીઓની તકતીનું અનાવરણ તે વખતના અને આ મહોત્સવમાં ઉપસ્થિત વરાડીયા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ-સર્વશ્રી તિલકચંદ વિકમશી, વિનોદ ડાઘા, હરીશ ડાઘા, નલિન ડાઘા, ચેતન ડાઘા, હેમંત મોમાયા, આશાબેન ડાઘા તથા લીનાબેન મોમાયાના હસ્તે થયેલ.

(૪) ૧૨૦ વર્ષ પહેલાં જિનાલય બંધાવનાર શેઠ શ્રી દેવજીભાઈ મુરજીભાઈ મોમાયાના નામ સાથે પ્રતિષ્ઠા નિશ્રા, જિર્ણોદ્ધાર, સંકુલ નવ નિર્માણની માહિતી સભર તકતીનું અનાવરણ વર્તમાન ટ્રસ્ટ બોર્ડના ઉપસ્થિત સાત ટ્રસ્ટીઓએ કરેલ.

(૫) શ્રી સિધ્ધ ચક્ર મહાપુજન નૂતન ઉપાશ્રય ચતુર્વિધ સંઘની હાજરીમાં થયેલ.

(૬) રાત્રે શ્રી મહાકાળી માતાજીની ભાવના આરાધના ભવનમાં થયેલ.

**દિવસ ૩ઃ તા. ૨૨.૦૭.૨૦૨૩**

સંગીતના સુરો સાથે શ્રી કિશોરભાઈ સંઘારે ભાવવાહી અને મધુર કંઠે સતરભેદી પૂજા ભણાવેલ. પૂજામાં આજુબાજુના ગામો- કોઠારા, સાંધવ, સાંયરા, સુથરી, નલિયા, ડુમરા વગેરેથી ૪૫ ભાવિકો સહીત ૨૦૦ જેટલાં ભાવિકોની હાજરી રહેલ. પૂજા બાદ શુભ મુહૂર્તમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલયની ૧૨૦ મી સાલગીરાએ ૧૨૧મું ધ્વજારોહણ હર્ષ ઉલ્લાસ સાથે ઉજવાયેલ.

**લાભાર્થી દાતા પરિવારો**

વિવિધ દાતાશ્રીઓ તથા લાભાર્થી પરીવારોની વિગત નીચે મુજબ છે.

(૧) ઉપાશ્રયના ચોકમાં મુખ્ય પ્રવેશદ્વાર, દેરાસર સામેના પ્રવેશદ્વારના તથા ઉપાશ્રય હોલના દાતા-**સ્વ.મા.મીનાબેન કલ્યાણજી વેલજી મોમાયા પરીવાર, આદિપુર-વરાડીયા**

સ્વાધ્યાય કક્ષ તથા બજાર પાસેના પ્રવેશ દ્વારના દાતાશ્રી : **સ્વ.સૌ.ભાનુમતિબેન કરમચંદ આણંદજી વિકમશી, હુબલી-વરાડીયા**

ગોચરી કક્ષના દાતાશ્રી સુશ્રાવિકા **મા. મધુબેન લહેરચંદ રતનશી પાસવીર ડાઘા પરીવાર, ભાંડુપ-વરાડીયા**

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

પ્રથમ દિવસે શ્રી પ્રભુજીના અઢાર અભિષેક તથા ત્રીજા દિવસે ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર : **મા.ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર, વરાડીયા**

પ્રથમ દિવસે શ્રી નમિનાથ પ્રભુજીના વરાડીયા જિનાલયમાં પ્રવેશ નિમિત્તે પાટલા પૂજન તથા બીજે દિવસે શ્રી સિધ્ધ ચક્ર મહાપુજનના દાતાશ્રી : **મા.મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરિવાર, વરાડીયા**

**અઢાર અભિષેક**

અઢાર અભિષેક માટે રૂા.૫૧,૦૦૦/- ના નકરામાં ત્રણે મુળનાયકનો પહેલો, નવમો અને અઢારમો અભિષેક તથા પ્રથમ અષ્ટપ્રકારી પૂજા અને શાંતિ કળશનો લાભ મુખ્ય દાતાશ્રીને અપાયેલ તથા બાકીના અભિષેકનો નકરાથી અન્ય ભાવિકોને લાભ અપાયેલ.

અઢાર અભિષેક દરમ્યાન/પછી : ચંદ્ર દર્શન - મા. હીરબાઈ રતનશી પાસવીર ડાઘા સમસ્ત પરીવાર (મણ ૧,૧૧૧)

સૂર્ય દર્શન - મા. જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા.(મણ ૧,૧૧૧)

અભિષેક બાદ આરતી : શ્રી ઉત્તમભાઈ ખીમજી મોમાયા, મુલુંડ (મણ ૭૦૧)

અભિષેક બાદ મંગલ દીવો : મા. હેમલતાબેન પ્રતાપભાઈ ગોવિંદજી લોડાયા, મુલુંડ-સુથરી (મણ ૧,૧૧૧)

**ધ્વજારોહણ**

તેવી જ રીતે ધ્વજારોહણ માટે રૂા.૫૧,૦૦૦/-ના નકરામાં મુખ્ય લાભાર્થી તરીકે પરીવારને ત્રણે મુળનાયકના શિખર તથા રંગમંડપ સહીત કુલ ચાર ધ્વજારોહણ લાભ મળેલ.

અન્ય છ ધ્વજાઓના લાભાર્થી ઘૃત ઉછામણીથી આ મુજબ હતા.

૫. શ્રી પાર્શ્વનાથ યક્ષ તથા મહાકાળી માતાજી (મણ ૧,૫૦૧)- મા. વાલબાઈ શામજી હીરજી મોમાયા, નાહુર

૬. શ્રી ચક્રેશ્વરી દેવી તથા શ્રી પદ્માવતી દેવી (મણ ૩,૫૩૫) - શ્રી વરાડીયા વહુ રાણીઓ ગ્રુપ (હસ્તે સૌ.નીતા ગજેશ ડાઘા તથા સૌ. આશા કિરીટ મોમાયા)

૭. પૂર્વ ચોકીયારો (ઘંટ વાળો) (મણ ૪,૫૪૫) - મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી

૮. દક્ષિણ ચોકીયારો (તિલક સ્ટેન્ડ ઉપર) (મણ ૧,૦૦૮), ૯. ઉત્તર ચોકીયારો (કેશર રૂમ ઉપર) (મણ ૧૦૦૮)

૧૦. દાદા કલ્યાણ સાગરજી ની દેરી. (મણ ૨,૮૦૧), ૧૧. ગુરૂ પૂજન (રૂ. ૯,૯૯૯/-)

ક્રમાંક ૮ થી ૧૧- ચારે લાભ : મોમાયા યંગીસ્તાન ગ્રુપ, (હસ્તે શ્રી અમિત શાંતિલાલ મોમાયા તથા શ્રી દ્વિપેશ ચીમનલાલ મોમાયા, મુંબઈ)

**અન્ય ઘૃત**

મહોત્સવના ત્રણે દિવસ માટે દાદાના પક્ષાલ-પૂજા-આરતી/મંગલ દીવોના લાભાર્થી આ મુજબ હતા.

**દિવસ ૧. તા. ૨૦.૦૭.૨૦૨૩**

પક્ષાલ- શ્રી લહેરચંદ રતનશી ડાઘા, ભાંડુપ (૪૦૧ મણ)

ચંદન પૂજા - શ્રી લહેરચંદ રતનશી ડાઘા, ભાંડુપ (૪૦૧ મણ)

બપોરે આરતી : મા.હીરબાઈ મેઘજી દેવશી મોમાયા, નાહૂર, (મણ ૫૦૧)

બપોરે મંગલ દીવો : મા.સોનબાઇ લાલજી વેલજી લોડાયા, ડોમ્બીવલી, (મણ ૩૦૧)

સાંજે આરતી-મંગલ દીવો : મા.હેમલતાબેન પ્રતાપભાઈ ગોવિંદજી લોડાયા, મુલુંડ, (મણ ૧,૫૧૫)

**દિવસ ૨: તા. ૨૧.૦૭.૨૦૨૩**

દાદાનો પક્ષાલ : મા. હીરબાઈ રતનશી પાશ્વીર ડાઘા, (મણ ૧,૦૦૧.)

દાદાની ચંદન પૂજા : શ્રી લહેરચંદ રતનશી ડાઘા, (મણ ૪૦૧.)

બપોરે આરતી - મંગલ દીવો : શ્રી શરદભાઈ હેમરાજ કાનજી મોમાયા, (મણ ૨૦૧)

રાત્રે આરતીઃ મા. સરલાબેન ઠાકરશી રતનશી ડાઘા ( મણ ૧,૧૧૧)

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

**દીવસ ૩. તા. ૨૨.૦૭.૨૦૨૩**

દાદાનો પક્ષાલઃ શ્રી મોમાયા યંગીસ્તાન ગ્રુપ, (મણ ૭૦૧)

દાદા ની ચંદન પૂજાઃ મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, (૮૦૧ મણ)

સાંજે આરતી - મંગલ દીવોઃ શ્રી વરાડીયા જૈન સંઘ.

મહોત્સવ દરમ્યાન કુલ ધૃત ૩૦,૬૧૧ મણ અને ગુરુ પુજન રૂપિયા ૯,૯૯૯/- થયેલ.

જીવદયા ટીપમાં રૂા.૭૨ હજાર તથા સાધારણમાં રૂા.૧૫ હજારનો ફાળો થયેલ.

**સન્માન**

(૧) તા. ૨૦.૦૭.૨૦૨૩ના શ્રી વરાડીયા મહાજન તરફથી નૂતન ઉપાશ્રયના ઉદઘાટન બાદ ઉપાશ્રય નવ નિર્માણના ત્રણે દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ.

(૨) શ્રી માનવ જ્યોત ભુજના સક્રીય કાર્યકર તથા લોક લાડીલા સમાજ સેવક શ્રી પ્રબોધભાઈ મુનવર (કોઠારા) નું સન્માન વરાડીયા મહાજન ધ્વારા કરવામાં આવેલ.

(૩) નૂતન ઉપાશ્રયના આર્કિટેક્ટ શ્રી દીપકભાઈ સોની (માંડવી) તથા બાંધકામ કોન્ટ્રાકટર શ્રી હુસેન ભાઈ હિંગોરા (કોઠારા) અને એમના બે કારીગરોનું પણ સન્માન કરવામાં આવેલ.

(૪) બીજા દિવસે તા.૨૧.૦૭.૨૦૨૩ના પૂ.મહારાજ સાહેબના વ્યાખ્યાન દરમિયાન આરાધના ભવનમાં શ્રી શાંતિ કલ્યાણ નિધિ સર્વ સાધારણ ફંડના ૨૪ સૌજન્ય દાતાશ્રીઓનું વરાડીયા મહાજન ધ્વારા સન્માન કરાયેલ.

(૫) ગુજરાત રાજ્ય ના અબડાસા વિસ્તારના વિધાન સભ્ય શ્રી પ્રદ્યુમન સિંહ જાડેજા તા.૨૧.૦૭.૨૦૨૩ના પધાર્યા હતા અને એમનું શ્રી વરાડીયા મહાજન દ્વારા સન્માન કરવામાં આવેલ.

(૬) તા. ૨૨.૦૭.૨૦૨૩ ના સતરભેદી પૂજા દરમિયાન ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર તથા શ્રી સિધ્ધ ચક્ર મહાપુજનના લાભાર્થી પરીવારનું શ્રી વરાડીયા મહાજન દ્વારા સન્માન કરવામાં આવેલ.

(૭) તેમજ આ દાતા પરિવારોએ વરાડીયા દેરાસરના સર્વ ઉપસ્થિત ટ્રસ્ટીઓનું પણ સન્માન કરેલ.

(૮) નૂતન ઉપાશ્રયના નિર્માણ કાર્યમાં પોતાના અનુભવ તથા સમયનો સદ્દુપયોગ કરી ધગશ સાથે વ્યસ્થિત રીતે, નિષ્ઠાપૂર્વક અને સમયસર નિર્માણ કાર્ય પૂર્ણ કરાવવા માટે જહેમત કરનાર ટ્રસ્ટી શ્રી નલિન રતનશી ડાઘાનું સન્માન શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન ધ્વારા કરવામાં આવેલ ત્યારે વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું.

ધ્વજારોહણ મહોત્સવમાં પણ વિશેષ જવાબદારી સ્વીકારી તન મન અને ધનથી સહયોગ માટે મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર તરફથી પણ શ્રી નલિન ડાઘાનું સન્માન કરવામાં આવેલ.

(૯) ધ્વજારોહણ ના દાતાશ્રી પરિવાર તરફથી વરાડીયા દેરાસરના સ્ટાફને ભેટ આપી અનુમોદના કરવામાં આવેલ.

**ત્રણે દિવસ સમુહ આંગી**

રૂા.૨૫૦/-ના નકરાથી મહોત્સવના ત્રણે દિવસ આંગી માટે ૩૦ ભાવિકો એ સમુહ આંગીમાં લાભ લીધેલ. પહેલે દિવસે રજત-ચાંદીની આંગી, બીજે દિવસે મરૂઆના પાન તથા ફુલની આંગી (શ્રી પંકજ શામજી ડાઘા, સાંધવ-વરાડીયા ધ્વારા વિશેષ સજાવટ) તથા ત્રીજે દિવસે વસ્ત્ર આંગીની સજાવટ કરાયેલ.

**રહેવાની વ્યવસ્થા**

વરાડીયામાં અતિથી ગૃહમાં ૮ રૂમની વ્યવસ્થા અપુરતી હોતાં કેટલાંક ભાવિકો માટે કોઠારા તથા સાંધવના અતિથિગૃહોમા વ્યવસ્થા કરવામાં આવેલ. તથા નીચેના ભાવિકોએ પોતાની રહેણાંક જગ્યા પણ ફાળવી હતી તેમનો વરાડીયા મહાજન આભાર માને છે.

**સર્વશ્રી**

(૧) અમિત શાંતિલાલ મોમાયા (૨) મોતીચંદ મણશી દંડ (૩) સરલાબાઈ ઠાકરશી રતનશી ડાઘા (૪) ડાઘા મોમઈમા ભવન (૫) લહેરચંદ રતનશી ડાઘા (૬) સુરેશ લખમશી દંડ (૭) કલાવતીબેન દામજી મોમાયા (૮) શરદભાઈ હેમરાજ

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

મોમાયા (૯) પદમશી ચત્રભોજ ડાઘા (૧૦) પ્રફુલ લખમશી મોમાયા (૧૧) લીલાધર ચત્રભોજ ડાઘા (૧૨) ખીરેશ શામજી ડાઘા (૧૩) દીપક ગંગાજર ડાઘા (૧૪) પદમ લાલજી લોડાયા

**વિશેષ ચમકારાઃ દાનની ગંગા**

ધ્વજારોહણ મહોત્સવના મુખ્ય લાભાર્થી **મા.ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા** સમસ્ત પરીવારે સર્વ સાધારણ આની ફાળા ૨૦૨૩ની શુભ શરૂઆત **૫૫૧ આની** નોંધાવીને કરેલ જેના પ્રતાપે કુલ આની ફાળાનો આંકડો વિક્રમી **૪૫૦૦** સુધી પહોંચી ગયો.

નિજ ગૃહ જિનાલય, ભાંડુપથી નિજ વતન વરાડીયા જિનાલયમાં શ્રી નમિનાથ દાદાની પધરામણી નિમિત્તે **મા.મધુબેન લહેરચંદ રતનશી ડાઘા તરફથી દેવ દ્રવ્ય ફંડમાં રૂા. ૨૫,૦૦૦/- તથા સાધારણ કાયમી નિભાવ ફંડમાં રૂા.બે લાખ.**

નૂતન ઉપાશ્રયમાં નવા બે પાટના સૌજન્ય દાતાઃ શા દામજી શીવજી મોમાયા પરીવારની ૧૧ નિયાણી બેનો. (રૂા.30,000/-)

ભવિષ્ય માટે વધારા ના એક એક પાટ (કુલ ૩) ના દાતા

**(૧) સ્વ. સોમીલ કિરીટ હંસરાજ ડાઘા (૨) સ્વ. મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા (૩) સૌ. શીલાબેન ભરત હંસરાજ ડાઘા (પાટ દીઠ-રૂા.૧૫,૦૦૦/-)**

ઉપાશ્રય માટે અન્ય ઉપયોગી ફર્નિચર વગેરે માટે : રૂા.૫૧,૦૦૦/- : **મા. વિજ્યાબેન મહેન્દ્ર દેવજી ખોના, અમદાવાદ - આરીખાણા**

નુતન ઉપાશ્રયમાં ભવિષ્યમાં થનારા પ્રથમ ચાતુર્માસ માટે ચાતુર્માસ ફંડમાં-રૂા. ૫૧,૦૦૦/- **સૌ. આશાબેન દીપક ગંગાજર ડાઘા, મુલુંડ - વરાડીયા.**

**મા. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરીવાર** તરફથી ધ્વજારોહણના દિવસે વરાડીયામાં સ્થાનિક અન્ય જ્ઞાતિ (અજૈન)ના ભાઈ-બેનોને અનુકંપા દાન રૂપે ઘર દીઠ **બુંદી પેકેટ (કુલ ૬૦૦) વિતરણ** તથા ગામની **ગાયો માટે લાપશી વિતરણ.**

**મા.હીરબાઈ રતનશી પાસવીર ડાઘા સમસ્ત પરીવાર** તરફથી ધ્વજારોહણ મહોત્સવ ત્રણ દિવસ ઉપસ્થિત રહેનાર સર્વે સાધર્મિક પરીવારોને ઘર દીઠ **સુંદર ચાદર**ની પ્રભાવના.

**આની ફાળો ૨૦૨૩**

આ વર્ષના સર્વ સાધારણ આની ફાળામાં ૨૨૪ ભાવિકો એ ૪૫૦૦ આની નોંધાવી રૂા.૫,૪૪,૫૦૦/- ફાળો થયો. જેમાં ૯૦ થી વધારે આની નોંધાવનાર ૧૫ ભાવિકોના નામ નીચે મુજબ છે.

**આની નામ**

૫૫૧ મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર, વરાડીયા

૧૫૧ સ્વ. સૌ. ભાનુમતિબેન કરમચંદ આણંદજી વિકમશી, ૧૫૧ મા. માકબાઈ લધાભાઈ મણશી મોમાયા

૧૨૧ મા. મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા, ૧૨૧ મા. લતાબેન મણીકાંત મેઘજી મોમાયા

૧૨૧ મા. સરલાબેન પ્રતાપ રામજી. ડાઘા, ૧૧૧ મા. દેવકુંવરબેન માણેકજી જેઠાભાઈ દંડ

૧૦૮ મા.સરોજબેન દામજી આણંદજી વિકમશી

૧૦૧ મા. મણીબાઈ વેલજી ડોશાભાઈ ડાઘા (હ. દીપક), ૧૦૧ મા. હીરબાઈ નરશી વિસનજી માવાણી મોમાયા

૧૦૧ મા. સુશીલાબેન ચાંપશી ગોવિંદજી મોમાયા, ૧૦૧ મા. મીનાબેન કલ્યાણજી વેલજી મોમાયા

૧૦૦ મા. કસ્તુરબાઇ દામજી વેલજી ડાગા

૯૬ સૌ. ગીતાબેન વિનોદ ડાઘા, ૯૧ મા. ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ

**આગામી ત્રણ વર્ષ માટે ધ્વજારોહણના લાભાર્થી પરીવારો**

દાદાના ધ્વજારોહણમાં વધારે ભાવિકો પધારે એ આશયથી હાલમાં ફક્ત રૂા.૫૧,૦૦૦/-માં અઢાર અભિષેકના મુખ્ય

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

લાભાર્થી પરીવાર તરીકે તથા રૂા.૫૧,૦૦૦/-માં ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર તરીકે લાભ મળે છે, જેમાં એમને ત્રણ મુખ્ય અભિષેક, પ્રથમ અષ્ટપ્રકારી પુજા, શાંતિ કળશ, ચાર મુખ્ય ધ્વજાઓ વગેરેના લાભ મળે છે.

આ વર્ષે ૧૨૦ મી સાલગીરાએ ૧૨૧માં ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર તરીકે **મા.ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવારે લાભ લીધેલ** જેમાં એમનાં પરિવારના ૯૦ + ભાવિકોની હાજરી હતી. આવતા વર્ષ માટે ટહેલ નાખતાં દાદાના પ્રતાપે આગામી ત્રણ વર્ષ ના અઢાર અભિષેક સહિત ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર/ગ્રુપના નામ આવી ગયાં છે.

**સં.૨૦૮૦ માં ૧૨૨ મું ધ્વજારોહણ**

શ્રી વરાડીયા વહુ રાણીઓ ગ્રુપ હસ્તે સૌ. નીતાબેન ગજેશ લીલાધર ડાઘા તથા સૌ.આશાબેન કિરીટ ધનજી મોમાયા.

**સં.૨૦૮૧ માં ૧૨૩ મું ધ્વજારોહણ**

**શા. દામજી શીવજી મોમાયા સમસ્ત પરીવાર**

**સં.૨૦૮૨માં ૧૨૪ મું ધ્વજારોહણ**

મા. ધનબાઈ લખમશી નરશી મોમાયા સમસ્ત પરીવાર

આ સર્વ લાભાર્થી પરીવારો/ગ્રુપની શ્રી વરાડીયા ક.દ.ઓ.મહાજન ભુરી ભુરી અનુમોદના કરે છે.

**નોંધઃ**

**૧૨૫ મું ધ્વજારોહણ વિશિષ્ટ રીતે કરવાની ભાવના હોવાથી સં. ૨૦૮૩ માં ૧૨૪મી સાલગીરાએ ૧૨૫ મા ધ્વજારોહણ માટે હાલ નામ નોંધવામાં નહીં આવે.**

**નુતન ઉપાશ્રય માટે આશિર્વચન**

પ.પૂ.અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**

ડિસેમ્બર ૨૦૨૨માં ઉપાશ્રયના ખાત મુહુર્તમાં પાવન નિશ્રા આપનાર પ.પૂ.આચાર્ય ભગવંત **શ્રી કવિન્દ્ર સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

નૂતન ઉપાશ્રય માટે પ્રેરણા તથા માર્ગદર્શન આપનાર પ.પૂ.સાધ્વી **શ્રી ચારુપ્રજ્ઞા શ્રીજી મ. સા. તથા એમના શિષ્યા પ.પૂ.સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ.સા.**

નૂતન ઉપાશ્રય માટે પ્રેરણા આપનાર તેમજ ખાત મુહુર્તમાં નિશ્રા આપનાર **પ.પૂ.ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા**

ડુમરા તીર્થે ચાતુર્માસ અર્થે બિરાજમાન **પ.પૂ.સાધ્વી શ્રી જયોતિકલાશ્રીજી મ સા. આદિ ઠાણા.**

સુથરી મહાતીર્થે બિરાજમાન **પ.પૂ.સાધ્વી શ્રી મહાયશા શ્રીજી મ.સા.**

અંકલેશ્વર ચાતુર્માસ અર્થે બિરાજમાન **પ.પૂ.સાધ્વી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.આદિ ઠાણા**

**ખાસ ઉલ્લેખ**

ઉપાશ્રયની પાછળ આવેલ પોતાની જગ્યા ઉપાશ્રય/દેરાસર માટે ઉપયોગમાં લેવા વર્ષો પહેલાં દેરાસરને સુપ્રત કરનાર નીચે મુજબ વરાડીયા ક.દ.ઓ.જ્ઞાતિના વડીલોની તહેદિલથી અનુમોદના.

**(૧) સ્વ.મા.લીલબાઈ વેરશી આશારીયા દંડ (૨) સ્વ.મા.લક્ષ્મીબાઈ નેણશી લાલજી મોમાયા (૩) સ્વ.શા. લખમશી ( બુધીયાબાપા) રાયમલ હીરપાલ ડાઘા.**

ઉપાશ્રયના વિસ્તૃતિકરણ માટે આ જગ્યાઓ ખુબ જ ઉપયોગી થઇ છે. આ ત્રણે દિવંગત આત્માઓની આવી ઉચ્ચ વિચારસરણી તથા ભાવનાને વંદન સહ અનુમોદના.

**સાધર્મિક ભક્તિના દાતા : દિવસ ૧: તા. ૨૦.૦૭.૨૦૨૩**

સંપૂર્ણ દિવસ

અઢાર અભિષેકના મુખ્ય લાભાર્થી **મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર**

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

**દિવસ ૨ઃ તા. ૨૧.૦૭.૨૦૨૩**

સંપૂર્ણ દિવસ

શ્રી સિધ્ધ ચક્ર મહાપુજનના લાભાર્થી **સુશ્રાવિકા મધુબેન લહેરચંદ રતનશી ડાઘા**

**દિવસ ૩. તા. ૨૨.૦૭.૨૦૨૩**

સવારે નવકારશી તથા સાંજે ચોવિહાર

ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી **મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર**

બપોરે સ્વામિ વાત્સલ્ય **શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન.**

**અનુમોદના - આભાર**

૧. આ વર્ષના ૧૮ અભિષેક તથા ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી **મા.ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર** તથા શ્રી સિધ્ધ ચક્ર મહાપૂજનના લાભાર્થી **મા. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરીવાર**ની આવા સુંદર લાભ લેવા માટે વરાડીયા મહાજન તેમની ભુરી ભુરી અનુમોદના કરે છે તથા શુભેચ્છાઓ વ્યક્ત કરે છે. એમના તરફ થી દેરાસર તથા નૂતન ઉપાશ્રયના પ્રાંગણમાં સુશોભિત રંગોળી સજાવટ પણ કરવામાં આવેલ.

૨. મહોત્સવ દરમિયાન પધારેલા વરાડીયા નિવાસીઓ, નિયાણી બેનો, દાતા પરીવારના સગાં સંબંધીઓ તથા સ્નેહીજનો, અમારા આમંત્રણને માન આપી આજુબાજુના ગામોથી પધારેલા સાધર્મિક ભાઇઓ- બહેનો સર્વેનો વરાડીયા મહાજન અનુમોદના સહ આભાર વ્યક્ત કરે છે. **શ્રી ગોવિંદજીભાઈ પટેલ (સાંધવ), શ્રી દિનેશભાઈ અજાણી (કોઠારા)** તથા **શ્રી રતિલાલભાઈ ધ્રોળ/ઉત્તમભાઈ મોમાયા (સાંયરા)** નો ખાસ આભાર માનીએ છીએ.

૩. નૂતન ઉપાશ્રયનું પાછળ બાજુ લગોલગ જર્જરિત મકાનને હટાવવા મંજૂરી આપવા બદલ **શ્રી અતુલ શીવજી (બાબુશેઠ) દામજી પલણનો વરાડીયા** મહાજન આભાર માને છે.

૪. બજારથી દેરાસરના વિસ્તારના રસ્તાને સમતળ કરી પેવર બ્લોક, આરાધના ભવનની દિવાલથી બજાર સુધી જુના ખંડેર આગળ રોડ પર દિવાલ, અતુલભાઈ પલણની જર્જરિત જગ્યાને તોડી દિવાલ વગેરેના સોંપેલ કામ સમયસર સંતોષકારક રીતે પૂર્ણ કરવા માટે કોન્ટ્રાકટર **શ્રી ઈબ્રાહિમ સિદિક મેમણ**ની પણ શ્રી વરાડીયા મહાજન આભાર સહ અનુમોદના કરે છે.

૫. ઉપાશ્રયના નવ નિર્માણ, રસ્તો રીપેર કરી પેવર બ્લોક, વગેરેના કામને લીધે સાતેક વખત થોડા થોડા સમય માટે અવરજવર માટે રસ્તો બંધ રાખવાથી ગામવાસીઓને થયેલ તકલીફ બદલ ક્ષમાયાચના તથા એમના સાથ સહકાર માટે આભાર સહ અનુમોદના.

૬. દેરાસરના સ્ટાફ મેનેજર **સૌરભ લાલકા, પૂજારી વિનોદ મોમાયા તથા કર્મચારી અનિરુદ્ધ સિંહ જાડેજા**ની પણ સખત પરિશ્રમ કરી મહોત્સવના કાર્યમાં મદદરૂપ થયાં તે માટે અનુમોદના.

૭. મહોત્સવ દરમિયાન મનભાવન ભોજનીયાની ભોજનશાળામાં સુવ્યવસ્થા બદલ વરાડીયા ભોજનશાળાના કોન્ટ્રાકટર- **શ્રી નરેન્દ્ર દામજી લોડાયા**ની ભુરી ભુરી અનુમોદના

૮. **મુંબઈ વરાડીયાથી આવતા - જતા સહકાર** મુંબઈ-ભુજ-મુંબઈ ટ્રેન મુસાફરી માટે યાત્રિકોની ટીકીટ કઢાવવામાં સહકાર માટે **સૌ. નીતાબેન ગજેશ ડાઘા** તથા ટ્રેનમાં ભાવિકોને નાસ્તો- ભોજનની સુવિધા વ્યાજબી દરે પુરી પાડવા માટે **સૌ. આશા કિરીટ મોમાયાની અનુમોદના.** આ બન્નેનો ધ્વજારોહણના દાતા પરીવારે સન્માન કરી અનુમોદના કરેલ.

૯. ધ્વજારોહણ મહોત્સવ દરમિયાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વરાડીયા મહાજનને મદદરૂપ થનાર સર્વેનો **શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન** આભાર માને છે.

૧૦. આ ધ્વજારોહણ મહોત્સવ દરમ્યાન વરાડીયા મહાજન /ટ્રસ્ટ બોર્ડ તરફથી કંઈ ભુલચુક કે અગવડતા થઈ હોય તો અમારી ક્ષમા યાચના અને મિચ્છામિ દુક્કડમ

# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

## તા. ૧૯ અને ૨૦ જુલાઈ : નવકાર જાપ, શ્રી નમિનાથ દાદા નગર પ્રવેશ, પાટલા પૂજન, નૂતન ઉપાશ્રય ઉદઘાટન તથા દાતાશ્રીઓનું સન્માન, પ્રભુજીના અઢાર અભિષેક



















# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩


























# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

## તા. ૨૧ જુલાઈઃ શ્રી નમિનાથ દાદાનું જિનાલય પ્રવેશ, શાંતિ કલ્યાણ નિધિ ફંડ તકતી દાતાશ્રીઓનું સન્માન તથા તકતી અનાવરણ, શ્રી સિધ્ધ ચક્ર મહાપૂજન



















# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

## તા. ૨૨ જુલાઈ : ૧૨૧ મું ધ્વજારોહણ, મહાજન ધ્વારા દાતા પરીવારનું તથા દાતા પરીવાર ધ્વારા ટ્રસ્ટીઓનું સન્માન, ગુરુ પૂજન















# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવ: ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩













# શ્રી વરાડીયા જિનાલય ૧૨૧ મું ધ્વજારોહણ મહોત્સવઃ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩









# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

- HOME LOAN *7.99% (p.a.)
- 2 WHEELER LOAN *7.99% (p.a.)
- CAR LOAN *7.99% (p.a.)
- PRE OWNED CAR LOAN *9.49% (p.a.)
- eAUTO LOAN *7.99% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

- COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.)
- PRE OWNED CV LOAN *9.99% (p.a.)
- EDUCATION LOAN *8.49% (p.a.)
- TRADE LOAN *8.49% (p.a.)
- LOAN AGAINST PROPERTY *9.49% (p.a.)

- MORTGAGE LOAN *7.99% (p.a.)
- COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.)
- LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.)
- GOLD LOAN *7.99% (p.a.)
- MACHINES LOAN *8.49% (p.a.)

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

- Bhandup (West) 86526 30381
- Borivali (West) 86526 30390
- Dombivli (East) 86526 30386
- Ghatkopar (East) 86526 30383
- Ghatkopar (West) 86526 30385
- Masjid Bunder 86526 30384
- Matunga 86526 30389
- Mulund (West) 86526 30382
- Thane (West) 86526 30388
- Vashi 86526 30387
- Kamothe 86521 19656

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# કચ્છી દશા ઓશવાલ સમાજના સભ્યોને જ્ઞાતિ સંગઠન તથા પ્રેમના સૂત્રે બાંધનાર KDO-LOVe સંઘનો શુભારંભ





છેલ્લા બે થી પણ વધુ દાયકાઓથી લોખંડવાલા, ઓશીવરા તથા વરસોવા વિસ્તારમાં વસેલા કચ્છી દશા ઓશવાલ સમાજના સભ્યોને જ્ઞાતિ સંગઠન તથા પ્રેમના સૂત્રે બાંધનાર ગ્રુપ KDO LOVe (Lokhandwala-Oshiwara-Versova)ની વિધિવત સ્થાપના શનિવાર, તા. ૨૨ જુલાઈના દિને કરવામાં આવી.



આ ગ્રુપનું વિચારબીજ ગામ બાયઠના શ્રીમતી અંજના જયંતિલાલ ગોશરના મનમાં, ઘણા વર્ષો પહેલા બનેલી એકઆઘાતજનક ઘટનાના નિમિત્તે પડ્યું હતું. એક દિવસ એમને એક ફોન આવ્યો. નજીકમાં રહેતા એક જ્ઞાતિભગિનીને ત્યાંકોઇ અચાનક અવસાન પામ્યું હતું અને એ સમયે ઘરમાં તદ્દન એકલા એવા એ બહેનને સમજાતું નહોતું કે શું કરવું અને કોને કહેવું! તેથી તેમણે અંજુબહેનને સહાયતા માટે ફોન કર્યો હતો. આ ઘટનાએ તેમને વિચાર કરતા કરી દીધા કે આવા દુ:ખ-સુખના સમયે નજીક રહેતા જ્ઞાતિજનો જો એકમેકના સંપર્કમાં હોય તો તરત જ પહોંચી જઇને પરસ્પર સાથ-સધિયારો આપી શકે. બસ ત્યારથી જ લોખંડવાલામાં રહેતા અંજુબહેને, પશ્ચિમ અંધેરીના ઉપરોક્ત ત્રણેય વિસ્તારોમાં રહેતાં જ્ઞાતિજનો વિશે માહિતી એકઠી કરવાનું કાર્ય શરૂ કરી દીધું. ત્યાર બાદ તેમણે પોતાના ગાઢ પરિચિત એવા અમુક જ્ઞાતિજનો સાથે એક-બે અનૌપચારિક બેઠકો કરી જેમાં KDO-LOVeના વિચાર ને નક્કર સ્વરૂપ આપવાનું નક્કી થયું.

જયંતિલાલ ગોશર, અશોક મોતા, દિલીપકુમાર નાગડા, સુશ્રી શિલ્પા અજાણી, વૈભવ મોતા, ચેતન ખોના, શ્રીમતી ટીના ધરમશી, બિરેન પાલાણી, શ્રીમતી હેમા ધરમશી વગેરે આ વિસ્તારના સહુ સભ્યો તથા તેમના પરિવાર આ ગ્રુપમાં સામેલ છે.

ગ્રુપનું પ્રથમ સ્નેહમિલન, ‘વ્યંજન’ હોલ, ઓશીવરા ખાતે મળ્યું હતું. આ પ્રસંગે અચલગચ્છના અધિષ્ઠાયિકા દેવી શ્રીમહાકાળી માતાની ભાવના આયોજિત કરવામાં આવી હતી. ભાંડુપના અનંતનાથ મિત્ર મંડળે ભક્તિનો માહોલ ખૂબ જમાવ્યો હતો. સુંદર સ્વરૂચી ભોજનથી મિલનમાં મીઠાશ ભળી હતી.

# ગાંધીધામ માં ભરતનગર સંઘમાં "નેમ ઝુલે શિવામાઁ ઝુલાવે" શ્રી નેમનાથ દાદા ના જન્મ કલ્યાણક ની શાનદાર ઉજવણી પ.પૂ.સાધ્વીજી શ્રી મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રાંમા થઈ એની આછેરી ઝલક




# સુજાપુર અજીતનાથ જૈન દેરાસરમાં નવકાર મહામંત્ર ગુંજ્યો

ગુણોદય નવકાર મહામંત્ર સપ્તાહ પર્વોત્સવ તા.૧૭-૭ થી ૨૩-૭ સુધી તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ની તૃતિય પુણ્યતીથી નિમિતે કચ્છના ૫૨, ૪૨ ગામોમાં નાના આસંબીયા જૈન સંઘના આયોજનથી ડો. હર્ષ દેઢીયાના નેતૃત્વ હેઠળ ગામો ગામ ટીમો બનાવી દરેક જગ્યાએ દેરાસરોમાં નવકાર મહામંત્ર જાપનું આયોજન કરવામાં આવેલ.

સુજાપુર અજીતનાથ જૈન દેરાસરમાં પણ આ મહામંત્રનું આયોજન એમના તરફથી કરવામાં આવેલ હતું અને એમની ટીમ આવી નવકાર મહામંત્રજાપનું આયોજન સ્થાનિક ટ્રસ્ટી કિશોરભાઇ જીવરાજ સાંયાના સાંનિધ્યમાં કરવામાં આવેલ. નવકાર મહામંત્ર જાપમાં પૂજનવિધિમાં ટ્રસ્ટી કિશોરભાઇ સાંયા તેમજ વત્સલ સાંયાએ હાજર રહી લાભ લીધેલ હતો. નવકાર મહામંત્ર જાપની વિધિવિધાન આવેલ બહેનોના ગ્રુપ વતી ઉર્મીલાબેન જયંત છેડા-હાલાપર, લતાબેન પ્રકાશ દેઢીયા-તલવાણા, ગીતાબેન વસંત છેડા-નાગ્રેચા, વનીતાબેન જયંતીલાલ વિસરીયા-કોડાય અને કલ્પનાબેન અરૂણ સાવલા-રાયણ એ ભક્તિ ભાવથી નવકાર મહામંત્ર જાપની વિધિ કરાવેલ અને શા માટે આ નવકાર મહામંત્ર જાપનું આયોજન કરવામાં આવેલ તે સમજાવેલ. આવેલ બહેનોના ગ્રુપનું ટ્રસ્ટી કિશોરભાઇ સાંયા તથા વત્સલ સાંયા તરફથી બહુમાન કરવામાં આવેલ તથા એમના તરફથી પ્રભાવના પણ કરવામાં આવેલ. સમગ્ર આયોજન પૂજારી ભરત ગોર તથા વૈભવ ગોરએ સંભાળેલ.

# પૂનમ અંકુર શાહની દક્ષિણ ફ્રાંસમાં સ્થાપિત થનારા પરમાણુ રીએક્ટર પ્રોજેક્ટમાં નિયુક્તિ થઈ

મૂળ ભરૂડિયા હાલે નવી મુંબઈના ચેતનાબેન ભરતભાઈ મુલચંદ દંડની પરિણિત પુત્રી પૂનમ અંકુર શાહ જ્ઞાતિની મહિલાઓ માટે નવો ઈતિહાસ રચવાની કામગીરીમાં જોડાઈ પ્રેરક બનવા જઈ રહી છે. કોમ્પ્યુટર એપ્લીકેશનની અનુસ્નાતક ડિગ્રી ધરાવતી પૂનમ એની એમ્પ્લોયર કુંપની દ્વારા આઈ.ટી.ટીમ હેડ તરીકે આંતરરાષ્ટ્રીય થર્મો ન્યુક્લીયર એક્સપેરિમેન્ટલ રીએક્ટરની આઈ.ટી.પ્રોજેક્ટ મેનેજર તરીકે નિયુક્તિ થઈ છે.

દક્ષિણ ફ્રાંસમાં સ્થાપિત થઈ રહેલા આ પરમાણુ રીએક્ટરના નિર્માણમાં ચીન, ભારત, યુરોપ, જાપાન, દક્ષિણ કોરિયા, રશિયા, યુએસએ સહિતના દેશો ભાગ લઈ રહ્યાં છે.

આ સમગ્ર રીએક્ટરની યંત્રણા જે વેબ અને મોબાઈલ સિસ્ટમનો ઉપયોગ કરશે તે પૂનમ શાહના કુશળ નેતૃત્વ હેઠળની ટીમ દ્વારા વિકસાવવામાં આવી છે. આ મોટા અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના પ્રતિષ્ઠિત પ્રોજેક્ટની જવાબદારી ક.દ.ઓ.જ્ઞાતિની દીકરી સંભાળશે એ નાની સુની વાત નથી. પૂનમને અભિનંદન સાથે સફળતાની શુભેચ્છા.

# અભિનંદન... અભિનંદન... અભિનંદન

**BA - LLB**

**પુના યુનિવર્સિટીથી**

**ફર્સ્ટ ક્લાસ પાસ થયેલ**

## ભૂમિશા કેતન લોડાયા

(ગામ-બારોઈ, હાલે-નાશિક)

**ને ખૂબ ખૂબ અભિનંદન**



પરિંદો કો નહીં દી જાતી
તાલીમ ઉડાનોં કી
વો ખુદ તય કરતે હૈ
મંઝિલ આસમાનોં કી
રખતા હૈ જો હૌંસલા
આસમાન છૂને કા
ઉસકો નહીં હોતી હૈ
પરવા ગિર જાને કી

:: શુભેચ્છક ::

**દાદા-દાદી**
માતુશ્રી નિર્મલા સુમતિચંદ્ર લોડાયા

**માતા-પિતા**
પ્રીતિ કેતન લોડાયા

**નાના-નાની**
માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી
(ગામ-લાલા, હાલે મુલુંડ-દુબઈ)

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા સાવન મહોત્સવ ૨૦૨૩ની ઉજવણી કરાઈ





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા ગત વર્ષ પ્રમાણે આ વર્ષે પણ સાવન મહોત્સવ-૨૦૨૩ રવિવાર, તા.૨૩-૭-૨૦૨૩ બપોરે ૩.30 વાગે શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ. આ મહોત્સવમાં બેસ્ટ ડ્રેસ, નૃત્ય, હાઉઝ અન્ય પ્રતિયોગિતા રાખવામાં આવેલ. જેના વિજેતા સાવન ક્વીન : સૌ.શીતલ અનિલ લોડાયા, રનરઅપ : સૌ.ભવ્યા અમિત જીવાણી, માઈન્ડ ગેમ : સૌ.પ્રીતિ પ્રવિણ મૈશેરી, રનરઅપ : સૌ.કલ્પના ચેતક શાહ (લોડાયા).

સાવન મહોત્સવના અંતમાં સર્વે સ્વલ્પાહાર (હાઈ ટી) ચૌવિહારને લાભ આપી છૂટા પડેલ. સંપૂર્ણ કાર્યક્રમ માટે સૌ.પૂજા હિતેશ મોમાયા, સૌ.દીપા નયન છેડા, સૌ.સુનયના અમિત મૈશેરીએ ખૂબજ સારી મહેનત કરી આ કાર્યક્રમ સફળ બનાવેલ.







# નાંદેડ સંઘમાં દાદા ગુરૂદેવ મહારાજ સાહેબની જન્મતિથિ નિમિત્તે ગુણાનુવાદ સહ પૂજા ભણાવવામાં આવી





તા.૨૬ જુલાઈ બુધવારના મહારાષ્ટ્ર રાજ્યના મરાઠાવાડા વિભાગના નાંદેડ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અચલગચ્છના આદ્ય સંસ્થાપક દાદા ગુરૂદેવ આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી આર્યરક્ષિત સૂરિશ્વરજી મ.સા.ની જન્મતિથિના ઉપલક્ષમાં ગુણાનુવાદ સહ પૂજા ભણાવવામાં આવી. પૂજાના લાભાર્થી પ્રેમચંદ પદમશી મોતા પરિવારસહ સંઘના શ્રાવક શ્રાવિકો આ ધર્મ ભક્તિનો ધન્ય લાભ લીધો હતો.

# ચાલીસગામ સંઘમાં પાર્શ્વનાથ પરમાત્મા નિર્વાણ કલ્યાણ મહોત્સવ પ્રસંગે સમ્મેતશિખરજી મહાતીર્થની ભાવયાત્રા થઈ

પાર્શ્વનાથ પરમાત્માના નિર્વાણ કલ્યાણક મહોત્સવ મંગળવાર તા.૨૫ જુલાઈના પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં સંઘમાતા માતુશ્રી મધુરીબાઈ બવાનજી લોડાયા પરિવાર કોઠારા ચાલીસગામના નિવાસ સ્થાનેથી વાજતે ગાજતે શ્રી સકલ સંઘને સથવારે ૨૦-૨૦ પરમાત્માના નિર્વાણ કલ્યાણકની પરમ પવિત્ર ભૂમિ સમ્મતશિખરજી મહાતીર્થની ભાવયાત્રા ધર્મ સાથે યોજાઈ.



# મણિકાંત મોમાયા વરાડિયા સ્થાપિત ગૌરવ કેટરર્સને ‘પર્લ ઓફ હૈદ્રાબાદ એવોર્ડ’

તેલંગાણા ચેમ્બર્સ ઓફ ઈવેન્ટ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા હૈદ્રાબાદની પ્રતિષ્ઠિત હોસ્પિલાટી ઈન્ડસ્ટ્રી ફર્મ મણિકાંત મેઘજી મોમાયા વરાડીયા-હૈદ્રાબાદ સ્થાપિત ગૌરવ કેટરર્સને પર્લ ઓફ હૈદ્રાબાદ ૨૦૨૩નો કેટરર્સ ઓફ ધ ઈયર સન્માનીય એવોર્ડ એનાયત કરાયો.



# બાંઢિયા-વડોદરાના મિતેન લોડાયા આગામી સીઝનમાં એમ્પાયર તરીકે ક્રિકેટ મેદાનમાં ઉતરશે



મૂળ બાંઢિયા વડોદરાના મિતેન કેતનભાઈ લોડાયા હાલમાં બીસીસીઆઈ બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાની લેવલ-૨ની એમ્પારિંગ એક્ઝામ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરેલ છે. આને લીધે બીસીસીઆઈની આગામી ક્રિકેટ સીઝનમાં તેઓ ક્રિકેટ ફિલ્ડમાં વિકેટ પાછળ એમ્પાયર તરીકે ફરજ બજાવતા જોવા મળશે. વડોદરા સિટીમાંથી સંજય હઝારે પછી તેઓ બીજા એમ્પાયર છે. જેઓ આ ફરજ બજાવશે. ક્રિકેટ મેચની લાઈવ કોમેન્ટ્રીમાં હવે જ્ઞાતિના આ સપૂતનું નામ કાને સંભળાશે એ ગૌરવ ક્ષણ હશે. મિતેન લોડાયાને આ પ્રતિષ્ઠા પદ પ્રાપ્ત માટે અભિનંદન સહ ભાવિ કારકિર્દીની શુભેચ્છા આપીએ છીએ.

# પારોલા સંઘમાં નેમનાથ દીક્ષા કલ્યાણકની ભવ્ય ઉજવણી કરાઈ







મહારાષ્ટ્ર રાજ્યના પારોલા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં નેમનાથ દીક્ષા કલ્યાણકની શાનદાર ઉજવણી ધર્મભાવ સાથે કરાઈ.

# બીજાપુર સંઘમાં નેમનાથ પ્રભુ જન્મ કલ્યાણકની ઉજવણી થઈ





કર્ણાટક પ્રાંતના ઐતિહાસિક બીજાપુર નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં નેમનાથ પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી અને અચલગચ્છાધિપતિ પ.પૂ.અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ અદ્‌ભૂત ભાવ સાથે સંઘના શ્રાવક શ્રાવિકાઓની અંગે ધર્મભાવપૂર્વક કરાઈ.



# શ્રી કેડીઓ મહારાષ્ટ્ર એકમ પ્રસ્તુત 'મહાએકમ-તમારો પાસપોર્ટ ટુ ગ્રોથ' પ્રકલ્પ

શ્રી કેડીઓ મહારાષ્ટ્ર એકમ પ્રથમવાર શરૂ કરે છે 'મહાએકમ-તમારો પાસપોર્ટ ટુ ગ્રોથ' સંબંધો બાંધવા પરંપરા, નવીનતા, સહયોગ નેટવર્ક અને સશક્તિકરણ રૂબરૂ ૨૩નું સૌથી મોટું ટેક એવે આ પ્રોજેક્ટની હાઈલાઈટ કેડીઓ વચ્ચે સહયોગનો અવકાશ, તમામ વય જુથો માટે કાર્યક્ષમ નેટ વર્કીંગ. વિદ્યાર્થીઓ, સ્ટાર્ટ અપ અને સ્થાપિત વ્યવસાયો, યુવા અને મહિલા સશક્તિકરણ માટે ફાયદાકારક. કાર્ય મહતમ શહેર સ્ટેમ્પ એકત્રિત કરો, નાંદેડ, પુણે, નાગપુર, મલકાપુર, જલગામ, ચાલીસગામ યાદ રાખો સૌતી ભારે પાસપોર્ટ જીતો.

રૂબરૂ ૨૩ મહારાષ્ટ્ર એકમની વાર્ષિક કાર્યક્રમ તા.૨ અને ૩ સપ્ટેમ્બર શનિવાર તથા રવિવારના ડોમ-૧, સમર્થ લોન્સ, પાચોરા. ઈવેન્ટની વધુ વિગત જાણવા સંપર્ક કરો મનોષ લોડાયા-૮૮૮૮૫૨૦૪૯૮, સંકેત શાહ-૮૮૭૯૦૮૦૩૭૯

# ગદગ નગરે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૧૦૮મી વર્ષગાંઠ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ








કર્ણાટક રાજ્યના ગદગ નગર સંઘના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૧૦૮મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી અઢાર અભિષેક મહાપૂજન વિધિકાર નિખિલ અમૃતલાલ હરિયા બાડા તથા કલ્પેશ સાવલા સંગાથે યોજાયેલ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યૈ નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ટ્રસ્ટ રજી નં A2898 (Mumbai),

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

તા. ૦૪ /૦૭ /૨૦૨૩

## સામાન્ય સમિતિની બંધારણ સુધારા માટેની ખાસ સભાની નોટીસ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની સામાન્ય સમિતિ (આજીવન દાતા સભ્ય, ઉપદાતા સભ્ય, મુરબ્બી સભ્ય, ઉપમુરબ્બી સભ્ય, સહાયક સભ્ય, ઉપ સહાયક સભ્ય, આજીવન સભ્યો તથા સામાન્ય સભ્ય)ની સભા

**રવિવાર, તા. ૦૬-૦૮-૨૦૨૩ના બપોરે ૨.૩૦ કલાકે**

શ્રી મુલુંડ શ્વે.મૂ. જૈન સંઘ, શ્રી અચલગચ્છ જૈન સમાજ, મુલુંડ

શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ– ૪૦૦ ૦૮૦.

**ઉપરોક્ત દરેક શ્રેણીના સભ્યોને સમયસર અવશ્ય પધારવા અને સભા બાદ ચોવિહારનો લાભ આપવા વિનંતી.**

### :: કાર્યસુચી ::

બંધારણ સમિતિ દ્વારા સુચીત સુધારેલ બંધારણને મંજુરી આપવા બાબત.

હાલમાં આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/- અને વ્ય. સમિતીના કાયમી સભ્ય ફી રૂા. ૧૦,૦૦૧/- ભરીને સભાસદ બની શકાય છે. જે સૂચિત બંધારણ અમલમાં આવેથી અનુક્રમે રૂા. ૫૦૧/- અને રૂા. ૨૧૦૦૧/- થશે.

વિનંતી... અચલગચ્છીય સકલ શ્રી સંઘોને તે દિવસે અન્ય કોઈ કાર્યક્રમ ન ગોઠવતા વધુમાં વધુ સભ્યો સાથે સભામાં પધારશો, સભ્યો ન હોય તેઓને સભ્ય બનવા વિનંતી.

માનદ્ મંત્રીઓ - જતીન મોરારજી છેડા, પ્રવીણ ટોકરશી લોડાયા, પ્રકાશ નેમીચંદજી સિંઘવી, જયંતકુમાર ચીમનલાલ સંઘવી ના

બહુમાન પૂર્વક જય જિનેન્દ્ર

(*402)

K.V.O. - P - 8104209392



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ૬૨ વર્ષીય ઘાટકોપરના વરિષ્ઠ નાગરિક મંગલ ભાનુશાલીએ વાગડના ૫૨ વર્ષીય જયંતી ગાલા અને વંદના ભાવસાર નામના મહિલા સહિત પાંચ જણ માઈનસ છ ડિગ્રી તાપમાન-કરાની વચ્ચે બાઈકથી ચારધામ યાત્રા પૂરી કરી છે. બાઈક દ્વારા કુલ્લ ૧૩૫૦ કિ.મી.નો પ્રવાસ હિમાલયમાં કર્યો તેઓએ પ્રવાસમાં મેડિકલ કીટ, ટ્રેકિંગના શુઝ, મોજા, હેન્ડ ગ્લોવ્ઝ, ગરમ કપડા, ગરમ ટોપી સહિત પ્રત્યેકએ ૧૫ કિલો વજન સાથે લીધું હતું. ભાનુ યુથ સર્કલ ભાનુશાલી જ્ઞાતિ સેવા, શ્યામજી કૃષ્ણ વર્મા અસ્થિ ચળવળના સક્રિય પ્રણેતા ભાજપના કાર્યકર્તા મંગલ ભાનુશાલી હાલે એડવેન્ચર પ્રવૃત્તિમાં સમય વિતાવે છે.

● કચ્છના સમુધ્ધ લોકજીવન, લોકકલા તેમજ લોક સંસ્કૃતિક ક્ષેત્રે અવિસ્મરણીય બની રહેલું સંગ્રહસ્થાન એટલે કચ્છી લોક સંસ્કૃતિના વૈતાલિક અને કચ્છની અસ્મિતાના આરાધક સ્વ.રામસિંહજી રાઠોડના અનોખા નજરાણા સમાન ૧૪૯૨ ચો.મી.ના પરિસરમાં પથરાયેલ અને કચ્છની રહેઠાણ સામે આવેલ ભારતીય સંસ્કૃતિ દર્શન મ્યુઝિમમાં કચ્છ આબાદ રીતે ખડું કરાયું છે. સંગ્રહસ્થાનમાં જૂના સમયની જાહોજ લાલીની યાદ આપતી દરબારી ડેલી દેખાય છે. કચ્છની મુલાકાતે આવતાં ટુરિસ્ટોને આકર્ષી શકે તેવો મબલખ ખજાનો ચાર વિભાગમાં સચવાયેલ છે. કચ્છ કલાગીરી, આર્ટ ગેલેરી, કચ્છીયત કમઠાણ, પુસ્તકાલય તથા સહજાનંદ સ્વામિ નારાયણ ભગવાને પોતે વાપરેલી મૂળ વસ્તુઓ પણ પ્રસાદી રૂપે સચાવયેલ છે. આ મ્યુઝિયમમાં કચ્છના ગ્રામ્ય જીવન, પહેરવેશ અને લોક સંસ્કૃતિનું જીવંત દર્શન કરાવે છે. કચ્છના વિવિધ જ્ઞાતિના પહેરવેશ તથા અલગ અલગ પ્રકારની બાંધણી ધરાવતા મકાનો-ભૂંગાઓ નજરે પડે છે. કચ્છ, હસ્તકલા કારીગરી, માટીકલા, હસ્ત શિલ્પો, સંગીત, પેઈન્ટિંગસ, કાચ ઉપર પેઈન્ટિંગ, ચાંદી, પિતળ, લાકડા પરનું નકશીકામ, મોતીકામ, કચ્છી ચલણના સિક્કા, કચ્છી સુડી-ચાકુ અહીં ઉપલબ્ધ છે.

● અબડાસાના લાલા, બુડિયા પાસે આવેલા અને ૫૦૦ એકરથી વધુ વિસ્તારમાં પથરાયેલા ઘોરાડ અભ્યારણ્યમાં સાતેક વર્ષથી ઘોરાડનું પ્રજનન કાર્ય બંધ હોતા ઘોરાડના અસ્તિત્વ વિશે પ્રશ્નાર્થ ખડો થયો છે. અભ્યારણ્ય નજીકમાં આવેલી પવનચક્કીઓના ઘોંઘાટની સાથે ભારે વાહનો પસાર થતાં ઘોરાડ પક્ષી અભયારણ્ય વિસ્તાર છોડી ગયા છે. જંગલ ખાતાના વર્તુળો મુજબ ચારેક ઘોરાડ પક્ષી સીમતળમાં વસી રહ્યાં છે. જે તમામ નર છે માદા પક્ષી ન હોતાં પ્રજનન કાર્ય ઠપ છે.

● અબડાસાના નાનકડા એવા હાજાપર ગામે ભાનુશાલી સમાજની સમાજવાડી બનાવવા દાતાઓએ રૂા.૧૧ કરોડનું દાન જાહેર કર્યું હતું. સંત હરિદાસજી મહારાજએ કરેલી એક અપીલને પગલે જ્ઞાતિના ઉદારદિલ દાતાઓ એ દાન સરવાણી વહેડાવી હતી. તેમણે દરેક જ્ઞાતિજનએ સંસ્કારી બનવું જોઈએ. સુખી અને સંગઠિત બનવાની સાથે સમાજના દાતાઓએ પોતાને ઈશ્વરે આપેલું ધન થોડું જ્ઞાતિ સમાજ માટે વાપરવું જોઈએ એવી શીખ આપી હતી.

● મૂળ અબડાસાના કચ્છી ભાનુશાલી ગૃહિણી પાર્વતીબેન દામજી ભાનુશાલી અને તેમના પતિ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન અને ગાંધીધામના બિલ્ડર દામજીભાઈ ૨૦૧૩માં સાળંગપુરમાં પૂ.પ્રમુખ સ્વામીના સંપર્કમાં આવ્યા અને સ્વામિનારાયણના ચૂસ્ત સંતસંગી બન્યા. વૈરાગ્ય ભાવ જાગ્યો અને પોતાની કાયા પરના તમામ કિંમતી ધીંગા ઘરેણાં મંદિરને અર્પણ કર્યા અને જરૂરતમંદ અને સમાજને પોતાની સેવા અર્પણ કરવાનો અમલ કર્યો. સાસરાના ગામ ધનાવાડા-ગઢવાડા વચ્ચે ચાર એકર જમીનમાં પર્યાવરણની જાળવણી માટે એક હજાર વૃક્ષોનું વાવેતર કરી અક્ષરવનનું નિર્માણ કર્યું. પીપળો, વડ, લીમડાના હજાર વૃક્ષ ઉપવનમાં સેંકડો પક્ષીઓ સતત છાંયડો આહાર વિહાર પાણીની મોજ માણે છે.

● કચ્છી અભિનેત્રી કોમલ ઠક્કર સતત બીજા વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રેડ કાર્પેટ વોક કર્યું. આવું કરનારી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની એક માત્ર પ્રતિનિધિ બની હતી. પ્રતિભાવમાં તેણે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ અને વૈશ્વિક ફિલ્મ સમુદાયનું પ્રતિનિધિત્વ કરવા બદલ ગૌરવ હોવાનું કહ્યું હતું. તેનો ઉત્કૃષ્ટ ગાઉન ઈસ્તાંબુલ તુર્કીના કૌદ સરકીએ ડિઝાઈન કર્યો હતો. ઘરેણાં લંડનની મોનાફાઈન જ્વેલરી દ્વારા બનાવવામાં આવ્યા હતા.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA